# મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
## તારાપુરની કચેરી
મોટી ભાગોળ, રેલ્વે સ્ટેશન રોડ, તારાપુર
Email: mam-tarapur@gujarat.gov.in, Phone: 02698-255015


ચુનાવ का पर्व DESH KA GARV

નં.પુરવઠા/વશી/૨૭૭ થી ૨૯૮ તા.૨૦/૦૩/૨૦૨૪

પ્રતિ,

૧. તલાટી કમ મંત્રીશ્રી

૨. સરપંચશ્રી

ગામ.........................

તા.તારાપુર જી.આણંદ

**વિષયઃ-** **<u>રાષ્ટ્રીય અન્ન અને સલામતી કાયદો-૨૦૧૩ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીની ઓળખ કરવા બાબત.</u>**

**સંદર્ભઃ-** **અત્રેની કચેરીના પત્ર.નં.પુરવઠા/વશી/૮૯-૧૨૮/તા.૧૪/૩/૨૦૨૪**

ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ અત્રેની કચેરીના તા.૧૪/૦૩/૨૦૨૪ ના પત્રથી તમારા ગામમાં આવેલ પંડીતદીનદયાળ ગ્રાહકભંડાર ઉપરથી કયા કુટુંબો અનાજનો લાભ મેળવે છે. તેની યાદી આપેલ છે. આ યાદી મુજબના નામોની ગ્રામ પંચાયત કક્ષાએથી ખરાઇ કરી જે કુટુંબો/રેશનકાર્ડધારકો **<u>પાત્રતા ધરાવતાં નથી</u>** તેમના નામો કમી કરવા સરકારશ્રીના અન્ન અને ના.પુ.વિભાગ ગાંધીગનરના તા.૧૩/૧૦/૨૦૨૦ ના તેમજ તા.૧૪/૩/૨૦૨૩ ના ઠરાવ મુજબ પંચક્યાસનો નમૂનો સામેલ છે. ગામવાર તમામ વ્યકિતઓની ખરાઇ કરી એકજ પંચક્યાસ કરવાનો રહેશે. (ઠરાવની નકલ સામેલ છે) સંદર્ભદર્શિત પત્ર યથાવત રહેશે.

વધુમાં જણાવવાનું કે, તમારા ગામમાં જે કુટુંબો/રેશનકાર્ડ ધારકો આ યોજના હેઠળ અનાજ મેળવવા પાત્રતા ધરાવે છે. પરંતુ કોઇ કારણોસર તેઓ હજી સુધી લાભ મેળવી શકયા નથી. તેવા કિસ્સામાં ગ્રામ પંચાયત કક્ષાએથી આવા લાભાર્થીના નિયત નમૂનાના અરજીફોર્મ મેળવવાના છે. સરકારશ્રીના અન્ન અન નાગરિક પુરવઠા વિભાગ ગાંધીનગરના ઠરાવ તા.૧૩/૧૦/૨૦૨૦ તથા તા.૧૪/૦૩/૨૦૨૩ની જોગવાઇ અવલોકને લેવાની છે. (નકલ સામેલ છે)

૧. NFSA યોજના હેઠળ લાભ મેળવવા અરજી કરનાર વ્યકિતના કુટુંબના તમામ સભ્યોની માસિક આવક ૧૫૦૦૦/- થી વધુ ના હોવી જોઇએ. રેશનકર્ડમાં સમાવિષ્ટ તમામ સભ્યોની જે પણ આવક હોય તે સમગ્ર આવક ધ્યાને લઇને આવકનો દાખલો આપવાનો હોય છે.

૨. રેશનકાર્ડમા નામ હોય તે તમામ સભ્યોના આધારકાર્ડ ફરજીયાત લેવાના છે.

૩. ગ્રામ્ય વિસ્તાર માટે ખેતીની જમીન ધારણ કરતા હોય તો ૭/૧૨ તથા ૮-અની નકલ મેળવવી. તા.૧૩/૧૦/૨૦૨૦ના ઠરાવના મુદ્દા નં.(૧)અ (૫)(૬) ધ્યાને લેવી.

૪. આ અરજીના ફોર્મ અરજદારશ્રીને વિના મૂલ્યે આપવાના છે તેમજ સોગંદનામું સ્ટેમ્પ કે નોટરી રજીસ્ટર્ડ મેળવવાનું નથી. સ્વઘોષણા ફોર્મમાં સોગંદનામું લેવાનું છે. જેની ખાસ તકેદારી રાખશો.(નમુનો સામેલ છે)

૫. અરજી ફોર્મ ઉપર કોઈપણ કોર્ટ ફી સ્ટેમ્પ્ લગાવવાનો નથી.

૬. અરજીફોર્મમાં અરજદારશ્રીની નામ સરનામાં સાથેની તમામ વિગતો અને તે સાથેના પુરાવા રજુ કર્યા બાદ તમારા સહી-સિક્કા ચકાસણી કરીને કરવાના છે.

૭. આ બાબતે જરૂર જણાયે ના.મામલતદારશ્રી પુરવઠા મો.નં.૮૭૮૦૪૮૨૫૪૮ નો સંપર્ક કરી શકશો.

૮. NFSA/BPL/અંત્યોદય યોજનાને લગતાં ઠરાવો/પત્રો સામેલ છે.

આમ, ઉકત હકીકતે તમારા ગામમાં પાત્રતા ધરાવતાં લાભાર્થીની ગ્રામપંચાયત કક્ષાએથી જ ચકાસણી કરીને તેઓની અરજીઓ એકજ યાદી બનાવીને અત્રે મોકલી આપશો. (યાદીનો નમૂનો સામેલ છે). આ પ્રક્રીયા સતત ચાલતી રહેવાની છે. જેથી દરમાસે આ મુજબની અરજીઓ અત્રે મોકલવાની રહેશે. હવેથી આ પ્રકારના કોઈપણ અરજદારશ્રીને અત્રેની કચેરી સુધી આવવાની જરૂર નથી. તે બાબતે સમજુત કરશો. ગ્રામપંચાયત તરફથી મંજુરી માટે આવેલ ફોર્મ સમિતિમાં અવલોકન અર્થે રજુ થશે ત્યારબાદ જેમની અરજી મંજુર થશે તેઓને અરજીના સરનામે લેખિત જાણ કરવામાં આવશે. આ યોજના હેઠળ પાત્રતાં ધરાવતા નથી. તેવા લાભાર્થી રદ કરવા અને સાચા પાત્રતા ધરાવતાં કુટુંબ/વ્યકિતઓને તેઓને હકક મળે તે માટે ગ્રામપંચાયત કક્ષાએ આ કામગીરી સુપ્રત કરીએ છીએ. જેમાં ગામના પંડીત દીનદયાલ ગ્રા.પં.ના સંચાલકશ્રીની જયાં જરૂર પડે ત્યાં મદદ મેળવશો.હવે પછી કોઈપણ અરજદારશ્રી અત્રેની કચેરીમાં અરજી રજુ કરશે તે પણ તમોને મોકલવામાં આવશે.અરજીના નમૂના સાથેના જરૂરી કાગળો આ સાથે સામેલ છે. જે અવલોકને લઈ ગ્રામપંચાયત ધ્વારા સહકાર આપીને આ કામગીરીનું હકારાત્મક આયોજન થવા વિનંતી છે.

**(એ.એચ.પાસુરા)**
**તાલુકા વિકાસ અધિકારી તારાપુર**

**(જે.જે.તળપદા)**
**મામલતદાર તારાપુર**

નકલ રવાનાઃ- સંચાલકશ્રી
પંડીત દીનદયાળ ગ્રા.ભં.ગામ......................,તા.તારાપુર તરફ જાણ તથા ગ્રામ પંચાયતના સંપર્કમાં રહીને જરૂરી કામગીરી કરવા સારૂ.

નકલ સવિનય રવાનાઃ- મે.જિલ્લા પુરવઠા અધિકારીશ્રી
જિલ્લા સેવાસદન આણંદ તરફ વિદિત થવા વિનંતી છે.

ગામ :- ......................................... તાલુકો :- તારાપુર

NFSA/BPL/અંત્યોદય યોજનાના કુટુંબોની સ્થળ તપાસ તથા સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગર તા.૧૩/૧૦/૨૦૨૦ના તેમજ તા.૧૪/૦૩/૨૦૨૪ના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા કુટુંબોની પુન: ચકાસણી માટે અત્રેની કચેરીમાં મળેલ અરજીની યાદી :-

| અ.નં. | અરજદારશ્રીનું નામ | સ્થળ તપાસ કરતા આ કુટુંબને NFSA યોજનાનો લાભ મળવાપાત્ર છે/નથી (હા અથવા ના લખવું) |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| ૧૧ | | |
| ૧૨ | | |
| ૧૩ | | |
| ૧૪ | | |
| ૧૫ | | |

સ્થળ ::-

(૧) ...............................................

તારીખ :-

સરપંચશ્રી

.........................................

(૨) ...............................................

અન્ય પદાધિકારીશ્રી હોય તો તેઓની સહીં

તલાટી કમ મંત્રીશ્રી

# પંચક્યાસ

આથી અમો નીચે સહીં કરનાર પંચો

(૧) ............................................................................. રહે. .....................................

(૨)..............................................................................રહે. .....................................

તે આજરોજ ગામ ........................................... તા.તારાપુર ની ગ્રામ પંચાયત માં હાજર છીએ. સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા ઠરાવ ક્રમાંક પીડીએલ/૧૦-૨૦૧૩/૨૩૬૮/પા.ફા-૧/ક-૧ તા.૧૩/૧૦/૨૦૨૦ના ફકરા નં.(૧) (એ) મુદ્દા નં.(૧) થી (૬) તથા તા.૧૪/૦૩/૨૦૨૩ના રીપત્ર ક્રમાંક પીડીએસ/૧૦/૨૦૧૩/૨૩૬૮/પા.ફા-૧/ક-૧ તથા નિયામકશ્રી અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરના પત્ર નં.PDS/NFSA/૩૬૭/૨૦૨૦ તા.૨૩/૧૦/૨૦૨૦ની સુચના અવલોકને લેતા નીચે દર્શાવેલ વ્યકિત (તેમનું કુટુંબ) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ "અગ્રતા ધરાવતા કુટુંબ" તરીકે માન્ય રાખવાપાત્ર નથી. આ વ્યકિતને NFSA કેટેગરીમાં સમાવવા પાત્ર ગણવાના નથી. જેથી તેમના NFSA કાર્ડ રદ કરવાપાત્ર થાય છે.

| અ.નં | વ્યકિતનું નામ | રેશનકાર્ડ નંબર |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |

ઉકત દર્શાવેલ નામોની ગ્રામ પંચાયત દ્વારા જરૂરી ચકાસણી કરીને ઓળખ કરવામાં આવેલ છે. જે હકીકતે સાચી છે.

સ્થળ ::- પંચોની સહીં (૧) .............................................

તારીખ :- (૨)...............................................

(જરૂર જણાયે વધુ પંચોની સહીં લઇ શકાશે)

................................................ ....................................................

સરપંચશ્રી તલાટી કમ મંત્રીશ્રી

ઠરાવ ક્રમાંકઃવહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨ નું બિડાણ

એનેક્ષર- એ

સ્વ-ઘોષણા ( Self-Declaration)નો નમુનો

આથી હું નીચે સહી કરનાર (પુરું નામ) ........................................................................ ઉ.વ.................... જિલ્લાના ......................... તાલુકાના............................ ગામ/શેહરના રહેવાસી આથી જાહેર કરું છું કે મારા દ્વારાઆપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઈ બાબત છુપાયેલ નથી. હું એ જાણું છું કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટી દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સહી.................................................................

પુરું નામ..............................................................

આધાર કાર્ડ/ઓળખના પુરાવાનો નંબર..........................

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા માટેના ધોરણોમાં ફેરફાર કરી બાકી રહેલ લાભાર્થીઓને અન્ન સલામતિ કાયદા હેઠળ સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
ક્રમાંકઃ પીડીએસ/૧૦-૨૦૧૩/૨૩૬૮/પા.ફા.-૧/ક-૧
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩/૧૦/૨૦૨૦

**વંચાણે લીધા :-**

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ નું ગેઝેટ તા.૧૦/૯/૨૦૧૩

(૨) માન.કેન્દ્રીય મંત્રીશ્રી, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, નવી દિલ્હીનો તા.૨૭/૪/૨૦૨૦ નો અ.સ.પત્રાંક : 1796/MOCA,F&PD/VIP/2020

(3) નેશનલ ફેડરેશન ઓફ બ્લાઇન્ડ, ન્યુ દિલ્હી દ્વારા નામ.હાઇકોર્ટ, ન્યુ દિલ્હીમાં ભારત સરકાર તથા અન્યો વિરૂધ્ધ દાખલ થયેલ WP 3976/2020

(૪) આ વિભાગનો તા.૨૨/૭/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૦૨૦૧૩/૨૩૬૮/ક

(૫) આ વિભાગના તા.૪/૪/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૦૨૦૨૦/૨૪૭/ક-૧ તથા
તા.૧૫/૭/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : પીડીએસ/ ૧૦૨૦૨૦/૨૪૭/પા.ફા.-૧/ક-૧

(૬) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનો તા.૬/૧૦/૨૦૨૦ ના પત્ર ક્રમાંક : PDS//NFSA/ફા.નં.૩૩૦/૨૦૨૦/પાર્ટ-૨

**આમુખ :-**

ઉકત વંચાણે લીધેલ (૧) થી ભારત સરકારે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" પસાર કરતાં રાજયમાં તા.૧/૪/૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ નો અમલ કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ ની કલમ-૯ તથા કલમ-૧૦ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં ગુજરાત રાજ્યની ૩૮૨.૮૪ લાખ વસ્તી અન્ન સલામતિ માટે આવરવાની મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેમાં ગ્રામ્ય વિસ્તારની ૭૪.૬ ટકા એટલે કે ૨૫૮.૭૮ લાખ વસ્તી તથા શહેરી વિસ્તારની ૪૮.૨ ટકા એટલે કે ૧૨૪.૦૬ લાખ વસ્તી આવરવાની થાય છે.

ઉકત વંચાણે લીધેલ પત્ર (૨) થી અન્ન, જાહેર વિતરણ અને ગ્રાહકોની બાબતના માન.કેન્દ્રીય મંત્રીશ્રીએ તા.૨૭/૦૪/૨૦૨૦ના પત્રથી માન.મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર અન્વયે ભારત સરકારશ્રી તરફથી ગુજરાત રાજય માટે ૩૮૨.૮૪ લાખ જનસંખ્યાને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ આવરી

લેવાના લક્ષ્યાંક સામે ૩૮૨.૮૪ લાખ જનસંખ્યાની મર્યાદામાં રાજયના અન્ય નાગરિકોને પણ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ ના લાભાર્થી તરીકે સમાવિષ્ટ કરવાના રહે છે.

કાયદાની કલમ-૧૦ અન્વયે ઉકત વંચાણે લીધેલ ક્રમ (૪) થી અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટેના ધોરણો નિયત કરવામાં આવેલ હતા. રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૮.૭૮ લાખ અને શહેરી વિસ્તારમાં ૧૨૪.૦૬ લાખની વસ્તી અન્ન સલામતિ માટે આવરવાની થાય છે. જે અન્વયે રાજયમાં હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૮.૩૬ લાખ અને શહેરી વિસ્તારમાં ૮૫.૨૬ લાખની વસ્તીને અન્ન સલામતિ હેઠળ આવરવામાં આવેલ છે. રાજ્યમાં કુલ આવરવાની થતી ૩૮૨.૮૪ લાખ જનસંખ્યા સામે હાલ રાજ્યમાં ૫૮ લાખ જેટલી જનસંખ્યાને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ આવરી શકાય તેમ છે.

ભારત સરકાર તરફથી તેમજ ગુજરાત આદિજાતિ વિકાસ પરિષદની બેઠક, રાજયકક્ષાની તકેદારી સમિતિની બેઠક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકમાં થયેલ રજુઆતો, માન.ધારાભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ તથા વિવિધ પદાધિકારીઓ તરફથી બાકી રહી ગયેલ રેશનકાર્ડ ધારકોને અન્ન સલામતિ કાયદા હેઠળ સમાવેશ કરવાની રજૂઆતો સરકારશ્રીને મળેલ હતી. તદ્ઉપરાંત નેશનલ ફેડરેશન ઓફ બ્લાઇન્ડ, ન્યુ દિલ્હી દ્વારા નામ.હાઇકોર્ટ, ન્યુ દિલ્હીમાં ભારત સરકાર તથા અન્યો વિરૂધ્ધ દાખલ થયેલ WP 3976/2020 ના ચુકાદા મુજબ, રાજય સરકાર દ્વારા તમામ દિવ્યાંગ લાભાર્થીઓને NFSA હેઠળ સમાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટે નકકી કરાયેલ ધોરણોને ૫ વર્ષ કરતાં વધારે સમયગાળો થયેલ હોઇ, વિભાગના તા.૨૨/૭/૨૦૧૪ ના ઠરાવથી નિયત થયેલ અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટેના ધોરણોમાં ફેરફાર કરી રાજયમાં ૧૦ લાખ કુટુંબોની અંદાજિત ૫૦ લાખ જનસંખ્યાને NFSA હેઠળ સમાવેશ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :-</u>

આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા.૨૨/૭/૨૦૧૪ ના સમાનાંકી ઠરાવ અન્વયે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં 'અગ્રતા ધરાવતા કુટુંબો' ની ઓળખ માટેના ધોરણો (Criteria) માં નીચે મુજબ ફેરફાર કરી આશરે ૧૦ લાખ કુટુંબોની અંદાજિત ૫૦ લાખ જનસંખ્યાને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ સમાવેશ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. <u>ગ્રામ્ય વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુટુંબો" ની ઓળખ માટે :-</u>**

(એ) નીચે પૈકીની કોઇપણ એક અથવા વધારે બાબત ધારણ કરનાર કુટુંબને અન્ન સુરક્ષા માટે બાકાત રાખવાના રહેશે, એટલે કે બાકાત (Exclude) રાખેલ કુટુંબો સિવાયના તમામ House Hold કે જે SECC-2011 માં છે તેમને "અગ્રતા ધરાવતા કુટુંબ" તરીકે માન્ય કરવાના રહેશે.

(૧) જે કુટુંબ યાંત્રિક રીતે ચાલતું ૪ પૈડાનું વાહન કે યાંત્રિક માછીમારીની બોટ ધારણ કરતું હોય,

(૨) જે કુટુંબનો કોઇપણ સભ્ય સરકારી કર્મચારી હોય, (સિવાય કે સરકારી કચેરી, બોર્ડ, નિગમ, અન્ય સરકારી એજન્સી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સહિત સંબંધિત કચેરીમાં આઉટસોર્સીંગથી વર્ગ-૪ ની કામગીરી કરતા હોય)

(૩) જે કુટુંબનો કોઇપણ સભ્ય માસિક રૂ. ૧૦,૦૦૦/- થી વધુ આવક ધરાવતો હોય,

(૪) જે કુટુંબનો કોઇપણ સભ્ય આવકવેરો કે વ્યવસાય વેરો ચુકવતો હોય,

(૫) જે કુટુંબ પાંચ એકર કે તેથી વધુ, બે કે તેથી વધુ સીઝનમાં પાક લેતી પિયતવાળી જમીન ધારણ કરતું હોય,

(૬) જે કુટુંબ ૭.૫ એકર કે તેથી વધુ જમીન સાથે પિયત માટેનું સાધન ધારણ કરતું હોય,

**(બી) <u>અન્ન સુરક્ષા માટે સમાવવાનું ધોરણ (Inclusion criteria) :</u>**

(૧) જે કુટુંબના પુખ્તવયના તમામ કમાતા સભ્યો અશક્ત હોય, ગંભીર રીતે બીમાર હોય કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય, તે કુટુબંને સમાવવાના (Include) રહેશે, ભલે પછી તે કુટુંબ ઉપર્યુક્ત (એ) પૈકીના કોઇ પણ ધોરણને લીધે "બાકાત" રાખવાપાત્ર હોય.

**૨. <u>શહેરી વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુટુંબો" ની ઓળખ માટે:-</u>**

નીચેની કોઇપણ એક બાબતની વંચિતતા/અરક્ષિતતા ધારણ કરતાં કુટુંબને અન્ન સુરક્ષા માટે આવરવાના (Inclusion) રહેશે,

**(અ) <u>આવાસીય અરક્ષિતતા :-</u>**

(૧) જે કુટુંબ ઘર/મકાન વિહોણું હોય,

(૨) જે કુટુંબ પ્લાસ્ટીક કે પોલીથીનની દિવાલ અને છાપરાવાળું મકાન/ઘર ધરાવતું હોય,

(૩) જે કુટુંબ ઘાસફુશ, વાંસ, છાણ, કાચી ઇંટ કે લાકડાની દિવાલ અને ઘાસફુશ, વાંસછાણ કે લાકડાની છતવાળુ એક ઓરડો કે તેથી ઓછુ મકાન/ઘર ધારણ કરતું હોય,

**(બી) <u>વ્યવસાયિક અરક્ષિતતા :-</u>**

(૪) જે કુટુંબ કોઇ પણ સ્ત્રોતમાંથી આવક ધરાવતું ન હોય,

(૫) જે કુટુંબનો કોઇપણ સભ્ય (બાળક સહિત) ભીખારી, કચરો ઉપાડનાર, ઘરકામ કરનાર (જેઓને ખરેખર વળતર ચુકવવામાં આવતુ હોય) અને સફાઇ કામદાર/કચરો વાળનાર કે માળી તરીકેના કામમાં હોય,

(૬) જે કુટુંબના પુખ્ત વયના બધા કમાતા સભ્યો રોજમદાર હોય કે અનિયમિત વળતર મેળવતા હોય,

(૭) ત્રણ પૈંડાવાળા યાંત્રિક વાહન ધરાવતા (ઓટો રીક્ષા/છકડો/મીની ટેમ્પો) વાહનચાલકોનો સમાવેશ કરવો. (માસિક રૂા.૧૦,૦૦૦/- થી ઓછી આવક ધરાવતા હોય તેવા)

**(ક) <u>સામાજિક અરક્ષિતતા :-</u>**

(૮) જે કુટુંબના વડા તરીકે સગીર વ્યક્તિ હોય, એટલે કે કુટુંબના કોઇપણ સભ્ય ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના ન હોય,

(૯) જે કુટુંબમાં ૧૮ થી ૬૦ વર્ષની ઉંમર ધારણ કરતાં કોઇપણ વ્યક્તિ સશકત ન હોય, એટલે કે કુટુંબમાં ૧૮ થી ૬૦ વર્ષના તમામ સભ્યો અશકતતા ધરાવતા હોય કે ગંભીર રીતે બીમાર હોય,

(૧૦) જે કુટુંબના પુખ્તવયના તમામ કમાતા સભ્યો અશકત હોય, ગંભીર રીતે બીમાર હોય કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય,

૩. વધુમાં, ઉપર્યુક્ત ધોરણો સિવાય ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં નીચે મુજબના વ્યક્તિઓનો આવકની મર્યાદાને ધ્યાને લીધા સિવાય NFSA હેઠળ "અગ્રતા ધરાવતા કુટુંબના" લાભાર્થી તરીકે સમાવેશ કરવાનો રહેશે.

૩.૧ સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા હેઠળ નોંધાયેલ દિવ્યાંગ લાભાર્થીઓ તથા આ જ પ્રકારે જે દિવ્યાંગ વ્યક્તિઓ સરકારશ્રીના નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ ખાતે રહે છે તેમને આ કાયદા અંતર્ગત વ્યક્તિગત NFSA કાર્ડ આપવાના રહેશે. દિવ્યાંગ લાભાર્થીઓ વતી અનાજ (ઘઉં, ચોખા) નિયમોનુસાર મેળવવા માટે સરકાર માન્ય સંસ્થાના સંચાલકશ્રીને લાભાર્થીઓ વતી ગાર્ડીયન / વાલી તરીકે નીમી શકાશે.

૩.૨ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા હેઠળ નોંધાયેલ વૃધ્ધ પેન્શન મેળવતા લાભાર્થી તથા આ જ પ્રકારે જે વૃધ્ધ વ્યક્તિઓ સરકારશ્રીના નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ ખાતે રહેતા હોય તેમને આ કાયદા અંતર્ગત વ્યક્તિગત NFSA કાર્ડ આપવાના રહેશે. વૃધ્ધ લાભાર્થીઓ વતી અનાજ (ઘઉં, ચોખા) નિયમોનુસાર મેળવવા માટે સરકાર માન્ય સંસ્થાના સંચાલકશ્રીને લાભાર્થીઓ વતી ગાર્ડીયન / વાલી તરીકે નીમી શકાશે.

૩.૩ સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલ જે ગંગાસ્વરૂપ બહેનો (વિધવા બહેનો) પેન્શન મેળવે છે તેવી બહેનો તથા જે વિધવા બહેનો સરકાર માન્ય સંસ્થાઓ ખાતે રહેતા હોય તેમને આ કાયદા અંતર્ગત વ્યક્તિગત NFSA કાર્ડ આપવાના રહેશે. ગંગાસ્વરૂપ (વિધવા બહેનો) લાભાર્થીઓ વતી અનાજ (ઘઉં, ચોખા) નિયમોનુસાર મેળવવા માટે સરકાર માન્ય સંસ્થાના સંચાલકશ્રીને લાભાર્થીઓ વતી ગાર્ડીયન / વાલી તરીકે નીમી શકાશે.

૩.૪ સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળનાં "ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ" હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમયોગીનો સમાવેશ કરવો.

૪. શ્રમ અને રોજગાર વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા મહિલા અને બાળવિકાસ વિભાગની યોજનાઓના સોફટવેર NIC દ્વારા તૈયાર કરાયેલ હોઇ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ હેઠળ સમાવેશ કરવા માટે નિયામકશ્રી, અ.ના.પુ. એ સંબંધિત નિયામકશ્રીની કચેરીઓના પરામર્શમાં NIC, Gujarat સ્તરે Data Sharing કરીને બાકી રહેતા લાભાર્થીઓને સમાવેશ કરવા માટેની આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

૫. ઉપર નક્કી કરેલ "અગ્રતા ધરાવતા કુટુંબો" ની ઓળખ માટેના ધોરણો (criteria) અન્વયે હયાત રેશનકાર્ડ ધારકો કે જેઓ "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" માં સમાવિષ્ટ ન હોય, તેવા તેમજ પાત્રતા ધરાવતા પરંતુ વિવિધ કારણોસર બાકાત રહી ગયેલ હોય તેવા લાભાર્થીઓને ઉપર્યુક્ત ધોરણો (criteria) સાથે ચકાસણી કરીને સમાવેશ કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૬. રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબની ઓળખ કરવા માટેના ધોરણોમાં આ ઠરાવથી ફેરફાર થવાના પરિણામે ૧૦ લાખ કુટુંબો અને અંદાજિત ૫૦ લાખ જનસંખ્યાનો સમાવેશ કરવા સંબંધે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના લક્ષ્યાંકની ટકાવારી મુજબ લાભાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે. આ સંદર્ભે તમામ જિલ્લા કલેકટરશ્રીઓએ સઘન ઝૂંબેશ હાથ ધરી ૬૦ દિવસની અંદર કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

૭. COVID-19 ની મહામારી અંતર્ગત વિભાગના તા.૪/૪/૨૦૨૦ તથા તા.૧૫/૭/૨૦૨૦ ના ઠરાવથી ૩,૪૦,૦૨૫ Non NFSA BPL રેશનકાર્ડ ધારકોની ૧૪,૯૨,૪૫૪ જનસંખ્યાને માહે એપ્રિલ થી નવેમ્બર ૨૦૨૦ સુધી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અ.ના.પુ. એ આ Non NFSA BPL રેશનકાર્ડ ધારકોના સર્વેની પ્રક્રિયા ઝુંબેશના ધોરણે નવેમ્બર-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરી NFSA હેઠળ પાત્રતા ધરાવતા કુટુંબોને અગ્રતા ધરાવતા કુટુંબોની યાદી (PHH) માં તથા NFSA હેઠળ પાત્રતા ન ધરાવતા કુટુંબોને Non NFSA APL-1 અથવા Non NFSA APL-2 ની લાગુ પડતી કેટેગરીમાં સમાવેશ કરવાના રહેશે અને તેઓને રાજ્ય સરકાર / ભારત સરકારના કોઇ લાભ આપવાના રહેશે નહીં.

૮.	દરેક રેશન કાર્ડમાં કુટુંબની સૌથી મોટી ઉંમરની મહિલાને "કુટુંબના વડા" તરીકે દર્શાવવાની રહેશે. પણ જો સૌથી મોટી ઉંમરની મહિલાની ઉંમર ૧૮ વર્ષથી નીચે હોય તો ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના પુરૂષને દર્શાવવાના રહેશે.

૯.	હયાત જુના N.F.S.A. રેશનકાર્ડમાં ધારકોની જુદી જુદી કેટેગરી બદલીને "અગ્રતા ધરાવતા કુટુંબો" (P.H.H.)ની કેટેગરી અંગેનો યોગ્ય સ્ટેમ્પ લગાવવાનો રહેશે.

૧૦.	"અગ્રતા ધરાવતા કુટુંબો" ની ઓળખ માટેના ધોરણો (criteria) અન્વયે જિલ્લા અને તાલુકા કક્ષાએ હયાત રેશનકાર્ડનું મેપીંગ, મહિલા વડાને નામે રેશનકાર્ડ આપવું અને રેશનકાર્ડની કેટેગરી બદલવી વગેરે વિશાળ પ્રકારની કામગીરી છે, આથી નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાએ સઘન આયોજન, અમલ અને સતત દેખરેખની કામગીરી કરવાની રહેશે.

૧૧.	આ અંગે થનાર ખર્ચ ભારત સરકાર દ્વારા વખતોવખત મંજુર કરવામાં આવેલ ખર્ચ ઉપરાંત રાજય સરકારના સ્ટેટ ફાળામાં સંબંધિત બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે તથા આ અંગે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના સુધારેલા અંદાજોમાં જરૂરી જોગવાઇ કરવાની રહેશે.

૧૨.	સદર ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૯/૧૦/૨૦૨૦ના રોજ મળેલ નાણાં વિભાગ તથા સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(નયના પટેલ)**
નાયબ સચિવ
અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧)	સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર.
(૨)	નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.
(૩)	મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર.
(૪)	સર્વે કલેકટરશ્રીઓ.
(૫)	સર્વે જિલ્લા ફરીયાદ અધિકારીશ્રીઓ, રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, (NFSA DGRO)
(૬)	અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ.
(૭)	સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.

નકલ જાણ સારૂ રવાના:-

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, બ્લોક નં. ૧/૫, સચિવાલય, ગાંધીનગર.

(૫) અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, બ્લોક નં. ૪, ગાંધીનગર.

(૬) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૦) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) સચિવાલયના તમામ વિભાગો અને તેના હેઠળના ખાતાના વડાઓ (બોર્ડ, નિગમ, અન્ય સરકારી એજન્સી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સહિત)

(૧૫) સ્ટેટ ઇન્ફોર્મેટિક ઓફિસર, N.I.C., સચિવાલય, ગાંધીનગર.

(૧૬) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.

(૧૭) આ વિભાગની ક-શાખા તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૧૮) સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

(૧૯) સીલેક્ટ ફાઇલ.

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા માટેના ધોરણોમાં ફેરફાર કરી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને અન્ન સલામતિ કાયદા હેઠળ સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
ક્રમાંકઃ પીડીએસ/૧૦-૨૦૧૩/૨૩૬૮/પા.ફા.-૧/ક-૧
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૪ /03/૨૦૨૩

**વંચાણે લીધા :-**

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ નું ગેઝેટ તા.૧૦/૯/૨૦૧૩

(૨) આ વિભાગના તા.૨૨/૦૭/૨૦૧૪ તથા તા.૧૩/૧૦/૨૦૨૦ ના સમાનાંકી ઠરાવો

(3) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરનો તા.૨૦/૦૮/૨૦૨૨ તથા તા.03/૧૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક: PDS/NFSA/ફા.નં.૩૩૦/૨૦૨૨/પાર્ટ-૨

**આમુખ:-**

વંચાણે લીધેલ (૧) થી ભારત સરકારે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" પસાર કરતાં રાજયમાં તા.૧/૪/૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ નો અમલ કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ ની કલમ-૯ તથા કલમ-૧૦ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં ગુજરાત રાજ્યની ૩૮૨.૮૪ લાખ વસ્તી અન્ન સલામતિ માટે આવરવાની મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેમાં ગ્રામ્ય વિસ્તારની ૭૪.૬ ટકા એટલે કે ૨૫૮.૭૮ લાખ વસ્તી તથા શહેરી વિસ્તારની ૪૮.૨ ટકા એટલે કે ૧૨૪.૦૬ લાખ વસ્તી મળી કુલ ૩૮૨.૮૪ લાખની વસ્તીને કાયદા હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલ છે.

વંચાણે લીધેલ (૨)માં દર્શાવેલ ઠરાવોથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટેના ધોરણો નક્કી કરવામાં આવેલ છે. જેમા ઉક્ત વંચાણે લીધેલ (૨)માં દર્શાવેલ વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૦ ના ઠરાવમાં ગ્રામ્ય વિસ્તાર માટે 'અગ્રતા ધરાવતા કુટુંબ' માટે કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૦,૦૦૦/- થી વધુ આવક ધરાવતો હોય તો તે કુટુંબને બાકાત રાખવા ઠરાવેલ છે. એટલે કે ગ્રામ્ય વિસ્તાર માટે "અગ્રતા ધરાવતા કુટુંબ" તરીકે સમાવેશ માટેના ધોરણો બાબતે કુટુંબના કોઈપણ સભ્યની માસિક રૂ.૧૦,૦૦૦/- ની આવક મર્યાદા વર્ષ ૨૦૧૪ થી વર્ષ ૨૦૨૨ એટલે કે ૮ વર્ષ બાદ પણ યથાવત રહેલ છે. જ્યારે શહેરી વિસ્તાર માટે આવી જોગવાઈ નથી.

રાજ્યની સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ, માન.સંસદ સભ્યશ્રીઓ/ માન.ધારાસભ્યશ્રીઓ તથા વિવિધ પદાધિકારીશ્રીઓ તરફથી "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩"ના લાભથી વંચિત હોય તેવા નાગરિકો/કુટુંબોનો "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ સમાવેશ કરી રાહતદરના અનાજનો લાભ આપવા વિવિધ રજુઆતો લેખિત તેમજ મૌખિક રીતે મળતી હોય છે, જેમાં 'આવક મર્યાદા' વધારવા બાબતે સૂચનો મળતા હોય છે.

આ સંદર્ભે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ કરાયેલ જાહેરાત અન્વયે આ આવક મર્યાદામાં ફેરફાર કરી જરૂરીયાતમંદ લાભાર્થીઓને NFSA હેઠળ સમાવેશ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

આમુખની વિગતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટેના ધોરણો બાબતે વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૦ના સમાનાંકી ઠરાવથી નક્કી કરેલ આવક મર્યાદામાં નીચે મુજબ ફેરફાર કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

| વિગત | તા.૧૩/૧૦/૨૦૨૦ ના ઠરાવ મુજબ આવક મર્યાદા | નવી આવક મર્યાદા |
|---|---|---|
| ૧. ગ્રામ્ય વિસ્તાર માટે અગ્રતા ધરાવતા કુટુંબોની પસંદગી માટે બાકાત રાખવાના ધોરણો : ઠરાવના ક્રમ ૧. (એ) (૩) | જે કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૦,૦૦૦/- થી વધુ આવક ધરાવતો હોય | જે કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦/- થી વધુ આવક ધરાવતો હોય તો એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ.૧,૮૦,૦૦૦/- થી વધુ હોય તો તેને અન્ન સુરક્ષા માટે બાકાત રાખવાના રહેશે. |
| ૨. શહેરી વિસ્તાર માટે અગ્રતા ધરાવતા કુટુંબોની પસંદગી માટે આવરવાના ધોરણો: ઠરાવના ક્રમ પેરા ૨. (બી) | હાલ કોઈ જોગવાઈ નથી | જે કુટુંબનો કોઇ પણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦/- થી ઓછી આવક ધરાવતો હોય તો એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ.૧,૮૦,૦૦૦/- થી ઓછી હોય તો તેને અન્ન સુરક્ષા માટે આવરવાના રહેશે. |
| શહેરી વિસ્તાર માટે અગ્રતા ધરાવતા કુટુંબોની પસંદગી માટે આવરવાના ધોરણો: ઠરાવના ક્રમ પેરા ૨.(બી) (૭) | ત્રણ પૈડાવાળા યાંત્રિક વાહન ધરાવતા (ઓટોરીક્ષા/છકડો/મીની ટેમ્પો) વાહનચાલકોનો સમાવેશ કરવો. (માસિક રૂ.૧૦,૦૦૦/- થી ઓછી આવક ધરાવતા હોય તેવા) | ત્રણ પૈડાવાળા યાંત્રિક વાહન ધરાવતા (ઓટોરીક્ષા/છકડો/મીની ટેમ્પો) વાહનચાલકોને (માસિક રૂ.૧૫,૦૦૦/- થી ઓછી આવક ધરાવતા હોય તેવા) અન્ન સુરક્ષા માટે આવરવાના રહેશે. |

ઉપર નક્કી કરેલ "અગ્રતા ધરાવતા કુટુંબો" ની ઓળખ માટેના ધોરણો (criteria) અન્વયે હયાત રેશનકાર્ડ ધારકો તેમજ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને ચકાસણી કરીને "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ સમાવેશ કરવા અંગેની કાર્યવાહી નિયામકશ્રી, અન્ન નાગિરક પુરવઠા કચેરીએ ઝુંબેશના ધોરણે કરવાની રહેશે.

વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૦ના સમાનાંકી ઠરાવના અન્ય ધોરણો યથાવત રહેશે.

સદર ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૨૦/૦૨/૨૦૨૩ ના રોજ મળેલ નાણા વિભાગ તથા તા.૧૩/૦૩/૨૦૨૩ ના રોજ મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નયના પટેલ )
નાયબ સચિવ
અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.

(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર.

(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર.

(૪) સર્વે કલેકટરશ્રીઓ.

(૫) સર્વે જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીશ્રીઓ (NFSA), સર્વે જિલ્લા કલેક્ટર કચેરી

(૬) અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ.

(૭) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.

નકલ જાણ સારૂ રવાના:-

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, બ્લોક નં. ૧/૫, સચિવાલય, ગાંધીનગર.

(૫) અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, બ્લોક નં. ૪, ગાંધીનગર.

(૬) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સ્ટેટ ઇન્ફોર્મેટિક ઓફિસર, N.I.C., સચિવાલય, ગાંધીનગર.

(૮) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.

(૯) સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

(૧૦) સીલેક્ટ ફાઇલ.